(30)

**પ્ર.૧ (ક) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. ઇણમેવ **નિગ્ગંથં પાવયણં સચ્ચં અણુત્તર** કેવલિયં

૨. કુઈએ **કક્કરાઈએ છીએ જંભાઈએ આમોસે** સસરક્ખામોસે

૩. કાય દુક્કડાએ **કોહાએ માણાએ માયાએ લોહાએ** સવ્વ કાલિયાએ

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૪)**

| | અર્થ | | અર્થ |
|---|---|---|---|
| ૧. ખમાસમણો | **હે ક્ષમાશ્રમણ !** | ૨. સદ્દહંતો | **શ્રદ્ધા કરતો થકો** |
| ૩. પાઉસિયાએ | **પ્રાદ્વેષિકી ક્રિયા** | ૪. દેવાણં આસાયણાએ | **દેવોની આશાતનાથી** |
| ૫. અનિયાણો | **નિદાન રહિત છું** | ૬. ઉમ્મગ્ગો | **સાચા જૈનમાર્ગ વિરુદ્ધ** |
| ૭. સંસુદ્ધં | **પૂર્ણ શુદ્ધ અર્થાત્ નિષ્કલંક છે** | ૮. ધમ્મેણં ઝાણેણં | **ધર્મધ્યાન ન ધ્યાવવાથી** |

**(ગ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૫)**

| | અર્થ |
|---|---|
| ૧. સમકિતને અંગીકાર કરું છું | **સમ્મત્તં ઉવસંપજ્જામિ** |
| ૨. વીસ અસમાધિના સ્થાનોથી | **વીસાએ અસમાહિ ઠાણેહિં** |
| ૩. જેમાં બિલકુલ જાણપણું નથી તે | **અણાભોગ મિથ્યાત્વ** |
| ૪. ભોજન સંબંધી કથાથી | **ભત્ત કહાએ** |
| ૫. સ્થિત રહેલા | **ઠિઆ** |

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સાધુ કેવા છે? તે બતાવતા શબ્દ લખો.

**જ. રયહરણ ગુચ્છગ પડિગ્ગહધરા, પંચમહવ્વય ધરા, અટ્ઠારસ્સ સહસ્સ સીલાંગ રહધરા, અક્ખય આયાર ચરિત્તા.**

૨. સૂયગડાંગ સૂત્રના અધ્યયન કેટલા? કેવી રીતે?

**જ. ૨૩. પહેલા શ્રુતસ્કંધના ૧૬ અને બીજા શ્રુતસ્કંધના ૭ મળી ૨૩ અધ્યયન.**

૩. શ્રુતદેવની આશાતના કેવી રીતે થાય છે?

**જ. અર્થ શ્રુતના દાતા તીર્થંકર કે સૂત્ર શ્રુત દાતા ગણધરની આશાતના કરે તે. તેમને ન માને, તેમને રાગી–દ્વેષી માને, તેઓ ખોટું બતાવે છે તેવું માને.**

૪. મોટા જૂઠ કેટલા પ્રકારના છે? કયા? કયા?

**જ. પાંચ પ્રકારના. કન્નાલિક, ગોવાલિક, ભોમાલિક, થાપણમોસો, મોટકી કુડી શાખ.**

૫. નિર્ગ્રંથ પ્રવચનની આરાધના કરનાર શું પામે છે?

**જ. સિજ્ઝંતિ, બુજ્ઝંતિ, મુચ્ચંતિ, પરિનિવ્વાયંતિ, સવ્વ દુક્ખાણ મંતં કરંતિ.**

**(ચ) માત્ર સંખ્યા લખો.** **(૫)**

| | | | |
|---|---|---|---|
| ૧. મહાવ્રત – **૫** | ૨. આશાતના – 33 | ૩. વિરાધનાના પ્રકાર – **૧૦/3** | ૪. દંડક – **૨૪** |
| ૫. વિહરમાન તીર્થંકર – **૨૦** | ૬. ભયના સ્થાન – **૭** | ૭. સંસારમાં ઉતમ – ૪ | |
| ૮. ધર્મધ્યાનના લક્ષણ – ૪ | ૯. કર્માદાન – ૧૫ | ૧૦. દર્શનના અતિચાર – **૫** | |

(૫૦)

**પ્ર.૨ (ક) ગતાગતિના આધારે જવાબ લખો.** **(૨૮)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. નાગકુમાર પૃથ્વીકાયમાં ઉપજે કે નહિ? શા માટે?

**જ. હા કારણ કે રત્ન, ખજાના, સિંહાસન, દાગીના વગેરેનો વારંવાર ભોગવટો કરતા હોવાથી તેમાં આસક્ત બનીને મૃત્યુ પામી તેમાં ઉપજે છે.**

૨. મોટી લટની આગત કોની કોની છે? મોટી લટમાં કોનો સમાવેશ થાય છે?

**જ. તેઉકાય, વાઉકાય, ૩ વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય. ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યાપ્તા, ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ.**

૩. જુગલિયા મરીને ક્યાં જાય? અંતરદ્વીપના મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય? શા માટે?

**જ. દેવલોકમાં. ૨૫ ભવનપતિ, ૨૬ વાણવ્યંતર એ ૫૧ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા ૧૦૨. જુગલિયા તરીકે જેટલું આયુષ્ય આયુષ્ય હોય તેટલું કે તેથી ઓછું આયુષ્ય દેવલોકમાં પામે.**

૪. શ્રાવકની આગત એટલે શું? શ્રાવકની ગતિ લખો.

**જ. શ્રાવકની આગત એટલે કર્મભૂમિના પર્યા. મનુષ્ય અને સંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યા. જીવોમાં પૃચ્છા સમયે શ્રાવક તરીકે રહેલા જીવોની આગત. ગતિ – ૪૨ ભેદની ૧૨ દેવ., ૯ લોકાંતિક એ ૨૧ ના અપર્યા. અને પર્યા.**

**(આ) નીચેના બોલની વિસ્તારથી ગતાગત લખો. (૧૫)**

૧. મિથ્યાત્વીની – **આગતિ–૩૭૧, ૯૯ દેવના પર્યા., ૧૭૯ ની લટ, ૭ નરકના પર્યા., ૮૬ જુગલિયાના પર્યા. ગતિ–૫૫૩, ૫૬૩ માંથી ૫ અનુત્તર વિમાનના અપર્યા. પર્યા. એમ ૧૦ વર્જીને.**

૨. રમ્યક્‌વાસના જુગલિયાની – **આગતિ–૨૦, ૧૫ કર્મભૂમિના મનુષ્ય અને ૫ સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય એ ૨૦ ના પર્યા. ગતિ–૧૨૬, ૬૪ જાતિના દેવમાંથી ૧ લા કિલ્વિષીના વર્જીને ૬૩ ના અપર્યા. અને પર્યા.**

૩. સ્થળચરની – **આગતિ–૨૬૭, ૮૧ દેવ (નવ દેવલોકથી અનુત્તર વિમાનના ૧૮ ભેદ વર્જીને), ૧૭૯ મોટી લટ પ્રમાણે, ૭ નરકના પર્યા. ગતિ–૫૨૧, ૫૬૩ ભેદમાંથી નવમા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના ૧૮ જાતિના દેવ અને ૫ થી ૭ એ ત્રણ નરક ૨૧ ના અપર્યા. અને પર્યા. વર્જીને.**

૪. સર્વાર્થસિદ્ધના દેવની – **આગતિ–૧૫, ૧૫ કર્મભૂમિના પર્યા. ગતિ–૩૦, ૧૫ કર્મભૂમિના અપર્યા. અને પર્યા.**

૫. વીજળીની – **આગતિ–૧૭૯, ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યના અપર્યા., ૧૫ કર્મભૂમિના મનુષ્યના અપર્યા. અને પર્યા. એમ ૩૦, તિર્યંચના ૪૮ ભેદ. ગતિ–૪૮, ૪૮ ભેદ તિર્યંચના.**

**(ઈ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો. (૫)**

૧. સુધર્મના ઇન્દ્ર મરીને બારમા દેવલોકમાં જાય છે.

**જ. ખોટું. દેવ મરીને દેવ ન થાય.**

૨. વાસુદેવની ગતિ નરકની જ હોય છે.

**જ. સાચું.**

૩. માછલી શ્રાવકના ૧૨ વ્રત અંગીકાર કરીને બારમા દેવલોક સુધી જાય છે.

**જ. ખોટું. આઠમા દેવલોક સુધી જાય છે.**

૪. તિર્યંચાણી મરીને સાતમી નરકે જતી નથી.

**જ. સાચું.**

૫. ગર્ભજ મનુષ્યમાં હરિવાસના જુગલિયા ઉત્પન્ન થાય છે.

**જ. ખોટું. જુગલિયા મરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે.**

**(ખ) ૬૩ શ્લાઘનીય મહાપુરુષોના આધારે ખાલી જગ્યા પૂરો. (૭)**

૧. એક મહાવિદેહમાં પ્રતિવાસુદેવ ઉત્કૃષ્ટ ....... અને બળદેવ જઘન્ય ....... હોય છે.

**જ. ૨૮, ૪**

૨. ....... ને નરેન્દ્ર પણ કહે છે. ....... નું સ્ત્રીરત્ન અવશ્ય નરકે જાય છે.

**જ. ચક્રવર્તી, ચક્રવર્તી.**

૩. ....... અને ....... પદવીના ભવમાં નિયમા સમકિતી હોય છે.

**જ. તીર્થંકર, બળદેવ.**

૪. તીર્થંકરનો જન્મ મહોત્સવ ....... દ્વારા ....... પર ઉજવાય છે.

**જ. ૬૪ ઈન્દ્ર, મેરુપર્વત.**

૫. ભરતમાં તીર્થંકરની જઘન્ય અવગાહના ....... અને બળદેવનુ ઉત્કૃષ્ટ આયુષ્ય ....... છે.

**જ. ૭ હાથની, ૮૫ લાખ વર્ષ.**

૬. વાસુદેવની પદવી ....... વાર આવે અને ....... થી મળે.

**જ. ૩, નિયાણાથી.**

૭. ૬૩ શલાકા પુરુષ ઈરવતક્ષેત્રમાં ....... કાળના ત્રીજા આરાના અંતમા અને ....... કાળના ચોથા આરાના શરૂઆતમાં હોય છે.

**જ. અવસર્પિણી, ઉત્સર્પિણી.**

**(ગ) વ્યવહાર સમકિતના ૬૭ બોલના આધારે જવાબ લખો. (૧૫)**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ૫ મો વિનય, ૮ મી પ્રભાવના, ૩ જો આગાર, ૧ લી ભાવના લખો.

**જ. સ્થવિરનો વિનય કરે, કવિ પ્રભાવના – શાસ્ત્રાનુસાર કવિતા કરી પ્રભાવના કરે, બળવાનનો – શક્તિ કે સત્તાથી બળવંતના ભયથી, મૂળ–ધર્મરૂપી વૃક્ષ અને સમકિતરૂપી મૂળ.**

૨. સમકિતી કેટલી સ્થિતિના કર્મ બાંધે છે અને તેમની પ્રવૃત્તિ કેવી હોય છે?

**જ. અંતઃક્રોડાક્રોડી સાગરથી વધુ સ્થિતિના કર્મ બાંધતા નથી. પાપભીરુતા.**

૩. વ્યવહાર સમકિત એટલે શું? નિશ્ચયથી જીવ સમકિતી છે કે નહિ? એ કોણ કહી શકે?

**જ. વ્યવહાર સમકિતના ૬૭ બોલમાંથી એક અથવા અનેક બોલ આદરનાર જીવને વ્યવહારથી સમકિતી કહે છે. દેવ, ગુરુ અને ધર્મ તત્ત્વમાં વ્યવહારથી શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. વિશિષ્ટ જ્ઞાની.**

૪. ભૂષણ એટલે શું? તે કેટલા છે? કયા? કયા?

**જ. ભૂષણથી જૈનશાસનની શોભા વધે. ૫, કુશળતા, પ્રભાવક, વૈયાવચ્ચી, સ્થિર કરનાર, ધૈર્યવાન.**

૫. જીવ કર્તા અને ભોક્તા કેવી રીતે છે?

**જ. જીવ ૮ કર્મનો કર્તા છે પણ અકર્તા નથી. ઈશ્વર જીવને કર્મ કરાવે છે અને જીવ કર્મ કરવા છતા કર્મથી નિર્લેપ છે તે અસત્ય છે. ભોક્તા–જીવ ૮ કર્મનો ભોક્તા છે પણ અભોક્તા નથી. જીવ સુખ–દુઃખનો કર્તા–ભોક્તા છે**

**(આ) વ્યાખ્યા લખો. (૫)**

૧. ઉપબૃંહણા – **ગુણી પુરુષોને જોઈને તેમની પ્રશંસા કરવી તથા પોતાનામાં એવા ગુણોઆવે તેવો પ્રયત્ન કરવો.**

૨. કાય શુદ્ધતા – **કાયાથી અરિહંત દેવ, ધર્મગુરુ કે જૈનધર્મને જ નમસ્કાર કરે, તે સિવાયના બીજા સરાગી દેવ, ગુરુ કે ધર્મને વંદન–નમસ્કાર ન કરે.**

૩. નિર્વેદ – **ઈન્દ્રિયના વિષયથી ઉદાસીનભાવ રાખવો. શરીર અથવા સંસારના અનિત્યપણાનું ચિંતન કરે. મોહમય જગતથી અલગ થઈ વૈરાગ્યભાવથી દીક્ષા લઈ કર્મ શત્રુઓને જીતી સિદ્ધપદ પ્રાપ્ત કરવાની અભિલાષા કરવી.**

૪. માન – **અન્યમતિ–મિથ્યાત્વીનો ધર્મબુદ્ધિથી સત્કાર સન્માન ન કરે. સમકિતીનો આદર સત્કાર બહુમાન કરે.**

૫. બીજ રુચિ – **જેમ પાણીમાં નાંખેલું તેલનું એક ટીપું ફેલાઈ જાય છે તેમ જીવાદિ એક પદ દ્વારા અનેક પદોમાં જેનું સમકિત ફેલાઈ જાય છે તેને બીજ રુચિ કહે છે.**

(૧૦)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. અર્જુનમાળી કોના ભક્ત હતા? તે પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવતા હતા?

**જ. મુદ્ગરપાણિ યક્ષ. તેની પાસે એક વિશાળ બગીચો હતો. તે બગીચામાં સારા સારા ફૂલો ભેગા કરતો હતો. તેમાંથી શ્રેષ્ઠ ફૂલો યક્ષની પ્રતિમાને ચઢાવતા અને તેની પૂજા કરતા. ત્યારબાદ વધારાના ફૂલો લઈને રાજમાર્ગ**

**પર બેસીને તે વેચીને પોતાનું ગુજરાન ચલાવતો હતો.**

૨. દેડકાના ભવમાં નંદ મણિયારને કયું જ્ઞાન થયું? એણે શું નિર્ણય કર્યો?

**જ. પ્રશસ્ત પરિણામ અને વિશુદ્ધ લેશ્યાના કારણે મોહ ઉપશાંત થતા જાતિસ્મરણજ્ઞાન થયું. એણે એવો અભિગ્રહ કર્યો કે જીવું ત્યાં સુધી છઠ્ઠ છઠ્ઠની તપસ્યા કરીને આત્માને ભાવિત કરતો રહીશ. પારણામાં પુષ્કરિણીના છેડાના ભાગમાં અચિત થયેલ સ્નાનના જળથી જીવનનિર્વાહ કરીશ.**

૩. થાવચ્ચા પુત્ર કોણ હતા? તેઓ કઈ નગરીમાં રહેતા હતા? તેમણે કોની પાસે અને કેટલા પુરુષો સાથે દીક્ષા લીધી?

**જ. થાવચ્ચા ગાથાપત્નીના પુત્ર હતા. દેવો દ્વારા નિર્મિત્ત કૃષ્ણની દ્વારિકા નગરીમાં રહેતા હતા. અરિહંત ભગવાન અરિષ્ટનેમિ પાસે અને ૧૦૦૦ પુરુષો સાથે દીક્ષા લીધી.**

૪. નંદ મણિયારે કોની પાસે શ્રાવકના ૧૨ વ્રત લીધા? તેઓ મિથ્યાત્વી કેવી રીતે થયા?

**જ. ભગવાન મહાવીર સ્વામી. મહાવીર સ્વામીનો વિહાર થયા પછી અમુક કાળ સુધી સંતોનો સમાગમ છૂટી ગયો અને સંતોના દર્શન ન થયા. તેથી વીતરાગ વચન સાંભળવાની ઈચ્છા પણ હવે ન થવાથી ધીમે ધીમે સમકિતનું વમન થતા મિથ્યાત્વની વૃદ્ધિ થતી ગઈ અને મિથ્યાત્વી બની ગયા.**

૫. અર્જુન મુનિએ પાપનું પ્રાયશ્ચિત્ત કેવી રીતે કર્યું?

**જ. ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરીને સંકલ્પ કર્યો – જાવજ્જીવ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાનો અને તપસ્યામાં આત્માને જોઈને વિચરીશ. પારણામાં લોકોનો પરિષહ સમભાવથી સહન કર્યો. ગોચરીમાં જે આહાર મળે તેનાથી જીવનનિર્વાહ કરતા હતા. શરીર કૃષ થઈ ગયું ત્યારે સંથારો ધારણ કરી લીધો. આ રીતે પાપનું પ્રાયશ્ચિત્ત કર્યું.**

(૧૦)

**પ્ર.૪ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | |
|---|---|
| ૧. આસ્તાં ........ ભાંજિ. | **પાના નં. ૧૬૯ ગાથા ૯** |
| ૨. ચિત્રં ......... કદાચિત્. | **પાના નં. ૧૭૦ ગાથા ૧૫** |
| ૩. ભક્તામરની ચોથી કડી લખો. | **પાના નં. ૧૬૮ ગાથા ૪** |
| ૪. સ્ત્રીણાં ......... જાલમ્. | **પાના નં. ૧૭૧ ગાથા ૨૨** |